Wednesday
24.01.2024
✳Volume :8 ✳ Issue No.182
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ટેકનોલોજીના માધ્યમ દ્વારા ભારતની ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમને વિશ્વની સૌથી આધુનિક ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ બનાવવાનો મક્કમ નિર્ધાર:- કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહ દ્વારા 'પાંચમું ઈન્ટરનેશનલ એન્ડ ૪૪મા ઓલ ઇન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ એન્ડ સ્ટેટ-ઓફ -ધ-આર્ટ સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ'નો શુભારંભ કરાયો

વૈજ્ઞાનિકો ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને એકબીજાના પૂરક બની કામ કરશે તો ભારત વધુને વધુ સલામત બનશે : કાયદો અને ન્યાય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ



:શ્રી અમિત શાહ :

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ ક્ષેત્રે ૫૦થી વધુ પરિવર્તનકારી નિર્ણયો
- ભારતની ક્રિમિનલ જસ્ટિસ નવા યુગમાં પ્રવેશી : બ્રિટિશ કાળના ૧૫૦ વર્ષ જૂના ક્રિમિનલ કાયદાઓ બદલાયા
- દેશમાં આવનાર સમયમાં નવ રાજ્યોમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના સેન્ટરો સ્થપાશે
- પોલીસે ગુનેગારથી બે પગલાં નહિ, બે જનરેશન આગળ રહેવું પડશે
- હવે ગુનેગારો, બાળ તસ્કરો, આતંકવાદી સંગઠનોના ડેટાને ઓનલાઇન કરી એ.આઇ.ની મદદથી ડેટા ઇન્ટિગ્રેશન સાથે ડિટેઇલ એનાલીસીસ કરાશે, જેમાં NFSUના વિદ્યાર્થીઓની ભૂમિકા મહત્વની રહેશે

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિ

NFSU- ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન ડિજિટલ ફોરેન્સિક્સ' અને 'બિહેવિયરલ ફોરેન્સિક્સ' વિષયક ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું છે કે, વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક દેશ ભારતમાં ગુનાઓનાનિયંત્રણ અને ડિટેકશન માટે ભારતની ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમને ટેકનોલોજીના માધ્યમ દ્વારા વિશ્વની સૌથી આધુનિક ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ બનાવવાનોમક્કમનિર્ધાર અમે કર્યો છે. જે આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આજે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સનો ત્રિદિવસીય કોન્ફરન્સનો શુભારંભ કરાવતા મંત્રી શ્રી શાહે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ ક્ષેત્રોએ ૫૦થી વધુ પરિવર્તનકારી નિર્ણયો કર્યા છે. તેમણે કહ્યું કે, ભારતીય ક્રિમિનલ જસ્ટીસ હવે નવા યુગમાં પ્રવેશી છે. બ્રિટિશ કાળના ૧૫૦ વર્ષ જૂના આઈ.પી.સી., સી.આર.પી.સી. અને પુરાવા અધિનિયમના સ્થાને નવા કાયદા અમલી બનાવ્યા છે. જે આગામી સમયમાંગુનેગારોને ગુનોકરતાં તો રોકશે જ, તેની સાથોસાથ સજામાં પણ વધારો કરશે. એટલુજ નહિ, ફોરેન્સિકના માધ્યમ દ્વારા ગુનાની તપાસમાં પણ વધુ ઝડપ આવશે અને કન્વીકશન રેટમાં નોંધપાત્ર વધારો થશે. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી- NFSU ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે આજે 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ' અને 'બિહેવિયરલફોરેન્સિક્સ' વિષયક ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રીહર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહ દ્વારા 'પાંચમું ઈન્ટરનેશનલ અને ૪૪મા ઓલ ઇન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ એન્ડ સ્ટેટ-ઓફ -ધ-આર્ટ સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ'નો શુભારંભ પણ કરાયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રી શાહે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકારે નવી શિક્ષણનીતિઅમલી બનાવીછે. જે પૂર્ણ રીતે ભારતીય શિક્ષણ વ્યવસ્થાના આધાર પર વૈશ્વિક સ્તરની બની છે. ગુનાઓના સંશોધનો–તપાસમાં ફોરેન્સિક સાયન્સનો વ્યાપ વધારવાનો અમે ઐતિહાસિક નિર્ણય કર્યો છે અને ફોરેન્સિક તપાસને ગુનાની તપાસનો એક ભાગ બનાવ્યો છે. જેના પરિણામે આગામી સમયમાં વ્યાપક રોજગારીનું નિર્માણ થશે. આગામી પાંચ વર્ષ પછી પ્રતિ વર્ષ ૯૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે રોજગારી મળતી થશે. તેમણે ઉમેર્યુ કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રીઅને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ની સ્થાપના કરી હતી જેને વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપીને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી બનાવી એ આજે વટવૃક્ષ બની છે. દેશમાં હાલ નવ જગ્યાએ અને એક યુગાન્ડા ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કેન્દ્રો કાર્યરત છે અને આગામી સમયમાં ૯ રાજ્યોમાં નવા કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે. ગૃહ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આઝાદીના અમૃતકાળમાં આ ક્ષેત્રે ટેકનોલોજીયુકત આધુનિક પોલીસિંગ, ટેકનોલોજીનો ઉપયોગ હાઈબ્રીડ અને મલ્ટી ડાયમેન્શનલ થ્રેટ તેમજ ક્રિમિનલ જસ્ટિસને વિશ્વની આધુનિક વ્યવસ્થા બનાવવી આમ ચાર પડકારો આપણી સામે છે. સૌને ઝડપી ન્યાય મળે તે અતિ આવશ્યક છે. તેના માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો પડશે.

પૂ. કનૈયાલાલ મુનશી કહેતા હતા કે, પોલીસે ગુનેગારથી બે પગલાં આગળ ચાલવું પડશે પણ અત્યારે આપણે ગુનેગારોથી બે જનરેશન આગળ રહેવું પડશે તો જ ગુના અટકાવી શકાશે. ટેકનોલોજીના ઉપયોગથી દરેક વ્યક્તિ દેશને મદદરૂપ થઈ શકે તેવુ તેમણે ઉમેર્યુ હતું. મંત્રીશ્રીએ કહ્યુ હતું કે અંગ્રેજો વખતના ૧૫૦ વર્ષ આઈ.પી.સી. સીઆર.પી.સી અને તે વખતના પુરાવા અધિનિયમ કાયદાઓ બદલીને આપણે નાગરિકોને દંડ નહીં પણ ન્યાય અપાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય પુરાવા બિલ એમ ત્રણ નવા કાયદા અમલી બનાવ્યા છે. આ કાયદામાં સૌથી પહેલા મહિલાઓ અને બાળકોના સામે થતાં અપરાધઅટકાવવા પર ભાર મૂકવામાંઆવ્યો છે. ત્રણ કાયદામાં ૧૦૦ વર્ષમાં આવનાર ટેકનોલોજીને ધ્યાને લઈને તેમાં ફેરફાર કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી ન્યાય પ્રણાલી વધુ મજબૂત બનશે અને ત્રણ વર્ષમાં પડતર FIRનો ઉકેલ આવશે. અત્યારે ઈ-ગવાહીના પરિણામે તેઓના ઉકેલ લાવવામાંખૂબ ઝડપ આવી છે. આ ત્રણ કાયદામાં ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થવાનો છે જેનો અભ્યાસ તમને આ ક્ષેત્રેભરપૂર નવીન તકો ઉપલબ્ધ કરાવશે. આ ઉપરાંત એ.આઈ.ની મદદથી ડેટા ઈન્ટિગ્રેશનપણ કરવામાંઆવી રહ્યું છે. વર્તમાનમાં દેશમાંઅંદાજે આઠ કરોડ FIR ઓનલાઈનનોંધાઈ છે. પર્વતીય વિસ્તારના સ્થાનને બાદ કરતાં તમામ પોલીસ સ્ટેશન ઓનલાઈન જોડવામાં આવ્યા છે. ગુનેગારો, બાળ તસ્કરો, આતંકવાદી સંગઠનોના ડેટાને ઓનલાઈન કરવામાં આવ્યા છે. આ માટે એક સોફ્ટવેર તૈયાર કરીને AIની મદદથીતમામ ડેટાનુ એનાલીસીસ કરવામાંઆવશે. આ વ્યવસ્થા આગામી ત્રણ વર્ષમાં કાર્યરતકરવાનું આયોજન છે. આ વન ડેટા વન એન્ટ્રીના સિદ્ધાંત પર કામ કરવા નવા સોફ્ટવેર તૈયાર કરવા પડશે. જેમાં NFSUના વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા મહત્વની રહેશે. તેમણે વિશ્વાસ સાથે જણાવ્યું હતુંકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમામ ક્ષેત્રે ભારતને નંબર-૧ના સ્થાને લઈ જવાનો નિર્ધાર કર્યો છે. તેમાં NFSUને પણ નંબર-૧ની વૈશ્વિક સંસ્થા બનાવવા સૌ વિદ્યાર્થીઓને અનુરોધકરીને વધુને વધુ સંશોધન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યના કાયદો અને ન્યાય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ ''સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ'' અને "બિહેવીરીયલ ફોરેન્સિક કોન્ફરન્સને"આવકારતા જણાવ્યુ હતું કે, આજના ટેકનોલોજીના યુગમાં વિશ્વના કોઈપણ ખૂણેથી ગુનેગારો ગુનો કરતા થયા છે ત્યારે લોકોને વધુને વધુ સુરક્ષિત કરવા આજની આ કોન્ફરન્સ મહત્વની પુરવાર થશે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભારતની આંતરિક સુરક્ષાને સાયબર સિકયુરીટીના માધ્યમ દ્વારા ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકીદેશને સશકત સુરક્ષા આપી છે જેનુ ઉત્તમ ઉદાહરણ રામમંદિરના ઉદ્‌ઘાટન સમયે કોઈ અનિચ્છનીય ઘટના ઘટી નથી. તેમણે કહ્યું કે, વિશ્વભરમાં સાયબર ટેકનોલોજીનો મહત્તમઉપયોગથઈ રહ્યો છે ત્યારે આ કોન્ફરન્સમાં નિષ્ણાંતતજજ્ઞો દ્વારા જે મનોમંથન થશેએના પરિણામે ગુનેગારો ગુનો કરતાં જ ચેતી જશે. આ ઉપરાંત ટેકનોલોજીના માધ્યમથી કન્વીકશન રેટવધે તેવાપ્રયાસો પણ કરાશે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, બીહેવીયર સાયન્સસાથે ફોરેન્સીક સાયન્સ સાથે મળીને કામગીરી કરશે તો ચોકકસ ગુનેગારો ગુનો કરતા જ વિચારશે એ માટે આ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. ત્યારે ટેકનોલોજીઅને સાયન્ટીસ્ટોને એકબીજાનાપૂરક બનીનેકામકરીને વધુ ને વધુ સલામત ભારત બને એવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. ન્યાયમૂર્તિઅને NHRC ના અધ્યક્ષ શ્રી અરૂણકુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે, માનવ અધિકારોના સંરક્ષણ માટે ફોરેન્સિક સાયન્સ અને બિહેરવીરીયલ ફોરેન્સિક મહત્વની ભૂમિકા ભજવે છે. ગુનાઓ અટકાવવા માટે ડીએનએનો અભ્યાસ જરૂરી છે તેમાં આજની આ બિહેવીએરલ કોન્ફરન્સ ખૂબ જ મદદરૂપ થશે. આ ઉપરાંત વિવિધ રીતે ગુનાઓ કરતા ગુનેગારોને ગુનાખોરી છોડાવી સમાજમાં પુનઃ પ્રસ્થાપિત કરવા સંશોધન કરવા જરૂરી છે. વૈશ્વિક કલ્યાણ માટે કાર્યરત ભારતમાં તાજેતરમાંપસાર થયેલા ત્રણ કાયદા તમામને ન્યાય-અધિકારો અપાવશે તેવો પણ આ પ્રસંગે શ્રી મિશ્રાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઈન્ડિયન ક્રિમીનોલોજીસ્ટ સોસાયટીના ચેરમેન ડૉ.પૂર્વીપોખરિયાલ સ્વાગત પ્રવચનમાં આ ત્રિદિવસીય કોન્ફરન્સની વિગતો આપતા જણાવ્યુંહતું કે, નેશનલ ફોરેન્સિક સાયન્સિસયુનિવર્સિટી (NFSU) અને ઈન્ડિયા સોસાયટી ઓફ ક્રિમિનોલોજી, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC), રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW), રાષ્ટ્રીયબાળ અધિકાર રક્ષણ આયોગમાટે (NCPCR) અને ગુજરાત રાજ્ય માનવ અધિકારઆયોગ (GSHRC) ના સહયોગથી "બિહેવિયરલ ફોરેન્સિકસ-રીઈન્ટિગ્રેટિંગ એક્સાન્ડિંગ કોન્ટર્સ ઓફ ક્રિમિનોલોજીએન્ડક્રિમિનાલિસ્ટિક્સ" વિષય આધારિત પાંચમી આંતરરાષ્ટ્રીય અને ૪૪મીરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૬૦૦થી વધુ પ્રતિનિધીઓ સહભાગી બનીને વિચારોનું આદાન પ્રદાન કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે જર્નલ ઓફ ક્રિમિનલ ઓફ ક્રિમિનોલોજી એન્ડક્રિમિનાલિસ્ટિકસનું વિમોચન કરાયું હતું. સાથેસાથ NFSU ના કુલપતિ ડૉ.જે.એમ.વ્યાસની ૫૦ વર્ષની સફર દરમિયાન જે કાર્યો થયા છે, તેના ઉપર વિવિધ તજજ્ઞોએ લખેલા લેખોના બે વોલ્યુમનું વિમોચન થયું હતું. ડૉ. જે.એમ.વ્યાસને તેમની સફળ સેવા બદલ પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. આપ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજય ભલ્લા, રાષ્ટ્રીય બાળ અધિકાર રક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી પ્રિયંક કાનૂન્ગો દેશભરના ન્યાયાધીશો, કાનૂની અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, ક્રિમિનોલોજિસ્ટ્સ, વિદ્વાનો, રાજ્ય અને કેન્દ્રીય પોલીસ સંસ્થાઓ, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (FSL), જેલવિભાગ, NCRB, BSF જેવી વિવિધ સરકારી એજન્સીઓના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આંતરાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભાગૃહ ખાતે 'તેજસ્વિની વિધાનસભા'નું આયોજન

વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાનાર તેજસ્વિની વિધાનસભાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉદ્ઘાટન કરશે

કમલમ્ ન્યુઝ,
આંતરાષ્ટ્રીય બાલિકા દિવસને ગુજરાતની બાલિકાઓ માટે યાદગાર બનાવા તથા પ્રજાતાંત્રિક મુલ્યો અંગે મહિલાઓની ભાગીદારી વધે અને જાગૃતતા આવે તેવા હેતુસર આવતીકાલ તા. ૨૪મી જાન્યુઆરીએ ગુજરાત વિધાનસભાગૃહ ખાતે 'તેજસ્વિની વિધાનસભા'નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાનેયોજાનાર તેજસ્વિની વિધાનસભાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અતિથી વિશેષતરીકે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહેશે. આ તેજસ્વિની વિધાનસભામાં દિકરીઓના જન્મ, શિક્ષણ, આરોગ્ય, પોષણ તથા સલામતી, સુરક્ષા અને નેતૃત્વના વિકાસ જેવા દિકરીઓને સ્પર્શતાવિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સમગ્ર દેશમાં પ્રતિ વર્ષ તા. ૨૪ જાન્યુઆરીને આંતરાષ્ટ્રીય બાલિકા દિવસતરીકે ઊજવવામાંઆવે છે. આ દિવસને બાલિકાઓ માટે વધુ ખાસ બનાવવા મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો, ગુજરાત વિધાનસભાના સંયુક્ત ઉપક્રમે ''રાષ્ટ્રીય બાલિકા દિવસ' નિમિત્તે વિધાનસભાગૃહ ખાતે આ 'તેજસ્વિની વિધાનસભા'નું આયોજન કરવામાંઆવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે "સ્મૃતિવન, અન અનપેરેલલ્ડ એપોથિઓસિસ ઓફ કોમેમોરેશન ટુ ૨૦૦૧ વિક્ટીમ્સ ઓફ ગુજરાત અર્થકવેક" કોફી-ટેબલ બુકનું વિમોચન કર્યુ

૨૦૦૧ના ગુજરાત ભૂકંપ પછી ભુજીયા ડુંગરના ટ્રાન્સફોર્મેશન અને ગુજરાતની વિકાસયાત્રાની ગાથાનું પુસ્તકમાં વર્ણન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કચ્છ વિસ્તારના પુનઃ નિર્માણ અને પુનઃ વિકાસનું નિરૂપણ કરતી કોફીટેબલ બૂક

ભૂકંપ પીડીતોના સ્મૃતિમાં વડાપ્રધાનશ્રીની નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી બનેલું સ્મૃતિ વન સાડા પાંચ લાખ વૃક્ષારોપણ સાથે દુનિયાનું સૌથી મોટું મિયાવાકી ફોરેસ્ટ બન્યું

કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે "સ્મૃતિવન, અન અનપેરેલલ્ડ એપોથિઓસિસઓફ કોમેમોરેશન ટુ ૨૦૦૧ વિક્ટીમ્સઓફ ગુજરાત અર્થક્વેક" પુસ્તકનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતુ. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી- જી.એસ.ડી.એમ.એ. દ્વારા આ કોફીટેબલ બૂક પ્રકાશિત કરવામાં આવી છે. ૨૬મી જાન્યુઆરીએ કચ્છના ભૂકંપને ૨૩ વર્ષપૂરા થવા પૂર્વે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન થયેલી આ કોફી ટેબલ બુકમાં ૨૦૦૧ નાભૂકંપ પછી ભુજીયા ડુંગરના ટ્રાન્સફોર્મેશન અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં થયેલી ગુજરાતની વિકાસયાત્રાની ગાથાનું વર્ણન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશનમાં જે સ્મૃતિવન અને મ્યુઝિયમ ભૂકંપપીડીતોની યાદમાં તૈયાર કરવામાં આવ્યા છે. તેનું લોકાર્પણ વડાપ્રધાનશ્રીએ ઓગસ્ટ ૨૦૨૨માં કર્યુ હતું. ભૂજીયા ડુંગર પરનું સ્મૃતિવન નિર્જન ભૂમિમાંથી સાડા પાંચ લાખ વૃક્ષારોપણ સાથે દુનિયાનું સૌથી મોટું મિયાવાકી ફોરેસ્ટ બન્યું છે તેની સિદ્ધિઓ આ પુસ્તકમાંપ્રસ્તુત કરવામાંઆવી છે. સ્મૃતિવન મ્યુઝિયમને તેની આંતરરાષ્ટ્રીય કક્ષાના આર્કિટેકચર અને પ્રદર્શન ડિઝાઈન માટે એનાયત થયેલા'રેડડોટ, ૨૦૨૩' એવોર્ડ, ૧૩મો 'CII ડિઝાઈન એક્સેલન્સએવોર્ડ-૨૦૨૩', 'લંડન ડિઝાઈન એવોર્ડ-૨૦૨૩', 'ગ્લોબલ આર્કિટેક્ચર ડિઝાઈન એવોર્ડ વિનર ૨૦૨૩' વગેરે આંતરરાષ્ટ્રીય સન્માનની માહિતી પણ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. કોફી ટેબલ બુકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાંકચ્છ વિસ્તારના પુનઃ નિર્માણ અને પુનઃ વિકાસનું વિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે. કચ્છનું ખમીર અને ઝમીર ઝળકાવવા સાથે ગુજરાતીઓની શૂન્યમાંથી સર્જન કરવાની ક્ષમતા, આફતને અવસરમાં પલટવાના સ્વભાવની આ બુકપરિચાયક છે. આ વિમોચન અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ કુમાર દાસ, જી.એસ.ડી.એમ.એ.ના સી.ઈ.ઓ. અનુપમ આનંદ મુખ્ય મંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તથા જી.એસ.ડી.એમ.એ અને સ્મૃતિવન મેમોરિયલના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

વર્ષ ૨૦૨૪ માટે, સંસ્થાકીય કેટેગરીમાં ઉત્તર પ્રદેશની ૬૦ પેરાશૂટ ફિલ્ડ હોસ્પિટલને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સુભાષ ચંદ્ર બોઝ આપ પ્રબંધન પુરસ્કાર-૨૦૨૪ માટે પસંદ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે આપત્તિના ક્ષેત્રમાં ભારતમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા અમૂલ્ય યોગદાન અને નિઃસ્વાર્થસેવાને માન્યતા આપવા અને સન્માન આપવા માટે સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર તરીકે ઓળખાતા વાર્ષિક પુરસ્કારની સ્થાપના કરી છે. આ પુરસ્કાર દર વર્ષે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતી ૨૩મી જાન્યુઆરીએ જાહેર કરવામાં આવે છે. આ પુરસ્કારમાં સંસ્થાના કિસ્સામાં રૂ. ૫૧ લાખ રોકડા અને પ્રમાણપત્ર અને રૂવ્યક્તિના કિસ્સામાં ૫ લાખ અને પ્રમાણપત્ર અપાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, દેશે આપત્તિ વ્યવસ્થાપન પદ્ધતિઓ, સજ્જતા, શમન અને પ્રતિભાવ પદ્ધતિમાં નોંધપાત્ર સુધારો કર્યો છે જેના પરિણામે કુદરતી આફતો દરમિયાન જાનહાનિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી સતત આપત્તિ તૈયારીઓની સમીક્ષા કરે છે અને સમુદાયને તાલીમ આપવા અને જીવન અને સંપત્તિના નુકસાનને ઘટાડવા માટે હિતધારકો દ્વારા શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવા પર ભાર મૂકે છે. વર્ષ-૨૦૨૪ના પુરસ્કાર માટે, ૧લી જુલાઈ, ૨૦૨૩થી ઓનલાઈન નામાંકન મંગાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૪ માટેની એવોર્ડ યોજના પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા દ્વારા વ્યાપક પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. એવોર્ડ યોજનાના પ્રતિભાવરૂપે, સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી ૨૪૫ માન્ય નામાંકન પ્રાપ્ત થયા હતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં ૨૦૨૪ એવોર્ડ વિજેતાના ઉત્કૃષ્ટ કાર્યનો સારાંશ નીચે મુજબ છેઃ

૬૦ પેરાશૂટ ફિલ્ડ હોસ્પિટલ, ઉત્તર પ્રદેશની સ્થાપના ૧૯૪૨માં કરવામાં આવી હતી. તે ભારતીય સશસ્ત્ર દળોની એકમાત્ર એરબોર્ન મેડિકલ સ્થાપના છે, જે વિવિધ વૈશ્વિક કટોકટીમાં તેની અસાધારણ સેવા માટે માન્ય છે. પ્રાથમિક મિશનમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે, શાંતિ અને યુદ્ધ બંને સમયે કુદરતી આફતો દરમિયાન માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) કામગીરીનો સમાવેશ થાય છે. તેણે ઓપરેશન સમુદ્ર મૈત્રી (૨૦૧૮) ના ભાગ રૂપે ઉત્તરાખંડ પૂર (૨૦૧૩), નેપાળના ભૂકંપ 'મૈત્રી' (૨૦૧૫) નામ હેઠળ અને ઈન્ડોનેશિયન સુનામી દરમિયાન તબીબી સહાય પૂરી પાડી હતી. તાજેતરમાં, ફેબ્રુઆરી ૨૦૨૩ માં તુર્કી અને સીરિયામાં ૭.૮ તીવ્રતાના ભૂકંપના પ્રતિભાવમાં, યુનિટે ઝડપથી ૯૯-સભ્યોની ટીમ એકત્ર કરી અને ૩૦ બેડની હોસ્પિટલ સ્થાપવા માટે સંસાધન અવરોધે અને ભાષાના અવરોધને દૂર કરીને તુર્કીમાં ભારતની અગ્રણી લેવલ-૨ તબીબી સુવિધાની Hatay પ્રાંતની શાળા બિલ્ડીંગમાં સ્થાપના કરી. આ યુનિટે રેસ્ક્યુ, ટ્રાયજ, સર્જરી, ડેન્ટલ ટ્રીટમેન્ટ, એક્સ રે અને લેબસુવિધાઓ સહિતની તબીબી સેવાઓની વિશાળ શ્રેણી પૂરી પાડી હતી અને 'ઓપરેશન દોસ્ત'ના ભાગરૂપે ૧૨ દિવસના સમયગાળા દરમિયાન ૩૬૦૦ દર્દીઓની સંભાળ કરી હતી.

પોરબંદર ખાતે રૂ. ૪.૫૩ કરોડના ખર્ચે બનેલા સરકારી કન્યા છાત્રાલયનુ લોકાર્પણ કરતા કેબિનેટ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા

વિવિધ કલ્યાણકારી યોજનાઓના ૮૦૫ લાભાર્થીઓને રૂ.૨૦૧ લાખની સહાય વિતરણ કરાઇ

બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનને વર્તમાન સરકારે સાર્થક કર્યુ છેઃ ભાનુબેન બાબરીયા

કમલમ્ ન્યુઝ,પોરબંદર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ નિયામકશ્રી અનુસૂચિત જાતિકલ્યાણ ગુજરાત રાજ્ય દ્વારા પોરબંદર ખાતે રૂ.૪.૫૩ કરોડના ખર્ચે બનેલા સરકારી કન્યા છાત્રાલયનુ સામાજિક ન્યાયઅને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ લોકાર્પણ કર્યુ હતુ. અ તકે વિવિધ કલ્યાણકારી યોજનાઓના ૮૦૫ લાભાર્થીઓને રૂ.૨૦૧.૧૭ લાખની સહાય વિતરણ કરાઈ હતી. જેમ સ્ટેજ પરથી મહાનુભાવોએ કુંવરબાઇનુ મામેરુ, માનવ ગરીમા સહિત યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરાઇ હતી. પોરબંદરના સાંદીપનિ રોડપર બનેલા અધતન કન્યા છાત્રાલયનુ લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યુ હતુ કે, વર્તમાન સરકારે બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનને સાર્થક કર્યુ છે. વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા સમગ્ર દેશ તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમા ગુજરાત રાજય વિકાસ કરી રહ્યુ છે. દિકરીઓ ભણીને રોજગારી મેળવે તથા આર્થિક રીતે આત્મનિર્ભર બને તે માટે મહિલા કલ્યાણ લક્ષી યોજનાઓ કાર્યરતછે. મંત્રીશ્રીએ આ તકે મહાત્મા ગાંધીજી, ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકરજીને યાદ કરી જીવનના દરેક તબક્કે આગળ વધવા શિક્ષણ ઉપયોગી બનશે તેમ જણાવ્યુ હતુ. આ તકે પોરબંદર-છાયા નગરપાલીકાના પ્રમુખ ચેતનાબેન તિવારી તથા અગ્રણી રમેશભાઇ ઓડેદરાએ રાજ્ય સરકાર દ્વારા પોરબંદરને આપેલા સરકારી કન્યા છાત્રાલય વિધાર્થિનીઓના શૈક્ષણિક વિકાસમા ઉપયોગી બનશે તેમ જણાવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયકીટ્સ વિતરણ કરીને આગળ વધવા શુભકામનાઓ પાઠવી હતી. અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગના સંયુકત નિયામકશ્રી આર.બી.ખેરે સ્વાગત પ્રવચનમા છાત્રાલયની રૂપરેખા આપી હતી. બે માળના બનેલા છાત્રાલયમા ૨૫ રૂમમા ૧૦૦ બેડ ઉપરાંત કોમન રૂમ, વિઝીટર રૂમ, સીસીટીવી કેમેરા, કીચનયાર્ડ, વોટર કુલર રૂમ, ટ્રી પ્લાંન્ટેશન સહિત સુવિધા આપવામા આવી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ પરબતભાઇ પરમાર, જિલ્લા કલેક્ટરશ્રી કે.ડી.લાખાણી, જિલ્લા વિકાસઅધિકારીશ્રી કે.બી.ઠક્કર, જિલ્લા પોલીસ વડાશ્રી ભગીરથસિંહ જાડેજા, તાલુકા પંચાયતના પ્રમુખ લીરીબેન ખૂટી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના એમ.ડી જયેશભાલ ટુવાર, નાયબ નિયામકઅ.જા. શ્રી એચ.આર પટેલ સહિત અધિકારીઓ તથા કર્મચારીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.

અયોધ્યામાં ભગવાનશ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે શ્રી રામના આગમનને લઈને શેખપાટ ખાતે આયોજિત કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,જામનગર

અયોધ્યા ખાતે આયોજીત ભગવાનશ્રી રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને દેશભરમાં નાના મોટા મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાંઆવ્યુ છે. જેના ભાગરૂપે જામનગર તાલુકાના શેખપાટ ખાતે સમસ્ત સતવારા સમાજ દ્વારા આયોજિત ભગવાનશ્રી રામના આગમનને લઈને રામધૂન, શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાંઆવ્યું હતું. જેમાં રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ અયોધ્યામાં ભગવાનશ્રી રામની મૂર્તિ બિરાજમાન થવા બદલ સમગ્ર દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા. શેખપાટ ગામે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવા બદલ ગ્રામજનો અને આગેવાનોને પણ શુભકામનાઓ પાઠવી હતી. આ તકે મંત્રીશ્રી સાથે અગ્રણીઓ શ્રી મુકુન્દભાઈ સભાયા, શ્રી કુમારપાળસિંહ રાણા, શ્રી ગિરીરાજસિંહ જાડેજા, શ્રી માવજીભાઈ, તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતીનયનાબેન, સરપંચ શ્રીમતી હંસાબેન વગેરે ઉપસ્થિત રહ્યાહતા.

ધનસુરા ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા દિવસે કારસેવકોનુંસન્માન કરવામાં આવ્યું

કારસેવક સુરેશભાઈ ત્રિવેદી (સીકા) એ પોતાના સંસ્મરણો યાદ કર્યા

કમલમ્ ન્યુઝ,

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવીહતી. જેમાં તે સમય ના ૨૦ જેટલા કારસેવકોનું સન્માન કરવામાં આવ્યુંહતું. જેમાં ૧૯૯૦માં પહેલી કારસેવામાં વિશ્વ હિન્દુ પરિષદ અને સંઘ દ્વારા સાથે અનેક કારસેવકો જોડાયા હતા. તેમાંના એક કારસેવક સુરેશભાઈ ત્રિવેદી (સીકા) એ પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા કે જ્યારે ૧૯૯૦ માં પ્રથમ કાર સેવા થઈ ત્યારે ઝાંસીનીજેલમાં અમને પૂરી દેવામાં આવ્યા હતાઅને સતત ત્રણ દિવસ સુધી કોઈપણ અન્નના દાણા વગર રહ્યા હતા ત્યારબાદ સરકારના આદેશ બાદ ફકત નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી તે સમયે મારી સાથે જગદીશભાઈ ગાંધી, રવજીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહજી પરમાર વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા, તે સમયે ઈલેક્ટ્રીક યુગ ન હોવા છતાં પણ કારસેવકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્સાહથી જોડાયા હતા અને આજે અયોધ્યામાં ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિરનું નિર્માણ થયું છે અને દેશ ભગવાન શ્રીરામમયબન્યો છે ત્યારે અમોને તેનો ખૂબઆનંદ છે.

ધૂંવાવ ગામે આયોજિત ભવ્ય શોભાયાત્રામાં કેબિનેટમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ સહભાગી બન્યા

જીવનના સુખ દુઃખમાં અને કણ કણમાં વસે છે શ્રી રામ : કેબિનેટ મંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,જામનગર

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને ધૂંવાવ ખાતે આયોજિત ભવ્ય શોભાયાત્રાના કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ સમારોહમાં કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલેજણાવ્યું હતું કે ૫૦૦ વર્ષબાદ આજે અયોધ્યામાં શ્રીરામ તેના ભવ્ય મંદિરમાં બિરાજમાન થયા છે. આજનો દીવસ હિન્દુઓ માટે ઐતિહાસીક છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રામ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમના પ્રયાસોથી ભગવાનશ્રી રામનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો છે. શ્રીરામના મંદિરના નિર્માણ માટે લાખો લોકોએજીવ ગુમાવ્યો હતો. અનેક સંઘર્ષો બાદ રઘુનંદન અયોધ્યામાં બિરાજમાન થયા છે. જીવનના સુખ દુઃખમાં અને કણ કણમાં શ્રીરામ વસે છે. ભવ્ય આયોજન બદલ મંત્રીશ્રીએ તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. અને શ્રીરામની કૃપા હંમેશા લોકો

મહાનુભાવો સહિત વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકોએ ભગવાનશ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઇવ નિહાળ્યું

પર રહે તેવા આશીર્વચન પાઠવ્યા હતા. અયોધ્યા રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે જ જામનગરપણ મીનીઅયોધ્યા બની ગયું હોય તેવો માહોલ ઉભો થયો છે. ત્યારે ધૂંવાવ ગામ જય શ્રી રામ જય શ્રી રામના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું. ભવ્ય શોભાયાત્રામાં કેબિનેટ મંત્રીશ્રી સહભાગી બની રામમય બન્યા હતા. તેમજ અયોધ્યા ખાતેનો કાર્યક્રમ લાઇવ નિહાળ્યો હતો. કાર્યક્રમમાં ધૂંવાવ ગામના દાતાશ્રીઓનું સન્માન કરવામાંઆવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી હસમુખભાઈ કણજારીયા, અગ્રણીશ્રીઓ શ્રી મુકુન્દભાઈ સભાયા, શ્રીકુમારપાળસિંહ રાણા, શ્રી ગિરિરાજસિંહ જાડેજા, શ્રી કાનાભાઇ, શ્રી માવજીભાઈ, તલાટીમંત્રીશ્રી, દાતાશ્રીઓ, અગ્રણીઓ તેમજ વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી પ્રભુ શ્રીરામના રંગેરંગાયા હતા.

કમલમ્ ન્યુઝ,

અયોધ્યામાં રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની પૂર્વ સંધ્યાએ વોર્ડ ૧૧, ગાંધીનગર મહાનગર તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રીજશવંતભાઈ પટેલ દ્વારા પ્રભુશ્રી રામની ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ, આ શોભાયાત્રામાં ઉપ-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્યશ્રી અલ્પેશજી ઠાકોર, ગાંધીનગર મહાનગર- ભાજપાના અધ્યક્ષશ્રીરુચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર મહાનગરનામેયરશ્રી હિતેષભાઈ મકવાણા તથાઉપપ્રમુખશ્રી તેજસભાઈ આચાર્યએ હાજરી આપેલ અને શ્રી રામજીની શોભા યાત્રા દર્શનનો લ્હાવો લીધેલ. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં રામભકતો ઉપસ્થિતરહ્યા, સૌની રામભક્તિને પ્રણામ

પ્રજ્ઞા મંદિર અંધજન શાળા- શિવારીમાળ ખાતે 'રામ મહોત્સવ' યોજાયો

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

પ્રભુશ્રી રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સાથે, પ્રજ્ઞા મંદિર અંધજન શાળા-શિવારીમાળ ખાતે 'રામ મહોત્સવ' કાર્યક્રમ યોજાયો હતો. દેશવાસીઓમાં રહેલી પ્રભુ પ્રત્યેની અદમ્ય ચાહના, શ્રદ્ધા અને ભક્તિનું તાદશ્યરૂપ વિશ્વ આખુ નિહાળી ગદગદ થઈ ઉઠ્યું છે. ત્યારે દંડકારણ્યની ભૂમિ એવા ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામા આવેલા શિવારીમાળ ખાતેના પ્રજ્ઞા મંદિરમા અહીંના બાળકો દ્વારા 'રામ મહોત્સવ' કાર્યક્રમની ઉજવણી કરવામાઆવી હતી. પ્રજ્ઞા શાળાના બાળકોએ ભક્તિમય ભાવ સાથે પ્રભુ શ્રી રામ, લક્ષ્મણજી, માતા સીતાજી, અનેહનુમાનજી તથા માં શબરીનાપાત્રો ભજવ્યાહતા. સાથે "શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ"નો જીવંત કાર્યક્રમ બાળકો માટે પ્રસ્તુત કરાયો હતો. ભાવસભર ભજન અને શ્રી રામ દર્શનનો કાર્યક્રમ પણ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમમા શાળાના શિક્ષકો તથા વૈદેહિ આશ્રમના મહારાજશ્રી ઉપસ્થિત રહ્યાહતા.

અમરેલી જિલ્લા 'સાંસદ ખેલ અને સાંસ્કૃતિક સ્પર્ધા'નો તાલુકા કક્ષાથીએ પ્રારંભ કરાવતા એન.સી.યુ.આઈ.ના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી

રાજ્યસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય પશુપાલાન-મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શનમાં જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેલ અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન

પહેલીવાર સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ધોળનો સમાવેશ કરવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,અમરેલી

અમરેલી જિલ્લાના રમતવીરોમાં રહેલી પ્રતિભાનો સૌનેપરિચય થાયતથા કલાકારોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાના શુભ હેતુ સાથે રાજ્યસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય પશુપાલાન, મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શનમાં 'સાંસદ ખેલ સ્પર્ધા અને સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કડીના ભાગરુપે રવિવારે અમરેલી સ્થિત મેડિકલ કોલેજના ઓડિટોરીયમ હોલખાતેથી તાલુકા કક્ષાના સાંસ્કૃતિક સ્પર્ધા તેમજ નૂતન હાઈસ્કુલના પ્રાંગણખાતેખેલ સ્પર્ધાનો એન.સીયુ.આઈ., ઈફકો

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ગામડામાં રહેતા યુવાનોની પ્રતિભાને બહાર લાવવા ખેલમહાકુંભની શરુઆત કરી હતી - શ્રી દિલીપભાઈ સંઘાણી

અને ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં થયો હતો. અમરેલી સ્થિત નૂતન હાઈસ્કુલના પ્રાંગણમાંટોસ ઉછાળી અને કબડ્ડી ખેલ સ્પર્ધાનો પ્રારંભ કરાવવામાં હતો, ભાતીગળ રાસની પ્રસ્તુતિ સાથે સાંસ્કૃતિક સ્પર્ધાનો પ્રારંભ થયોહતો. આપ્રસંગે પ્રેરક ઉદ્બોધન કરતા શ્રી દિલીપભાઈ સંઘાણીએ કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ખેલાડીઓ અને કલાકારોની પ્રતિભા બહાર લાવવા માટે અને તેમને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે તમામ સાંસદશ્રીઓને આ સ્પર્ધા યોજવા માટે સૂચન કર્યુ હતુ. જેના અંતર્ગત રાજ્યસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય કેબિનેટ મંત્રીઅને અમરેલી જિલ્લાના વતની શ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા અમરેલી જિલ્લામાં આ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત સાથે પવિત્રતા, પારદર્શિતા, સત્યતા, ખેલદિલીસમાવિષ્ટ હોયછે. રમત ગમતથી યાદશક્તિ અને એકાગ્રતામાં ઉમેરો થાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગામડામાં રહેલા યુવાનોની પ્રતિભાને નિખારવા માટે માટે ઓલિમ્પિક કક્ષાના નિયમો સાથે ખેલમહાકુંભની શરુઆત કરાવી હતી. જેથી આગળજતા આ ખેલાડીઓ રાજ્ય સ્તરે પહોંચીઅને ભવિષ્યના સારા ખેલાડીઓ બની શકે. મહત્વનું છે કે, આ સ્પર્ધાઓમાં રામસાગર, ધોળ, હાલરડા, પ્રભાતિયા જેવી સાંસ્કૃતિક કૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે પૈકી ધોળ ગીતોની સ્પર્ધાની શરુઆતઅમરેલીથી થઈ છે. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શ્રી દિલીપભાઈ સંઘાણીએ ખેલાડીઓ અને કલાકારોને તેમજ તેમના માર્ગદર્શકોને શુભેચ્છાઓ આપી હતી. તાલુકા કક્ષાએ વિજેતા થનારા ખેલાડીઓને આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ સ્થાન મળશે અને જિલ્લા કક્ષાના વિજેતાઓને સન્માનિત કરવામાંઆવશે. તાલુકા પંચાયત પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિનેશ ગુરવ, અમર ડેરીના ચેરમેનશ્રી અને સ્પર્ધાના સંયોજક અશ્વિનભાઈ સાવલિયા, યુવા વિકાસ અધિકારીશ્રી વી.બી. પરમાર, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી પૂનમબેન ફૂમકિયા, પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી અશરફભાઈ કુરેશી, શ્રી.એસ. આર. અગ્રાવત, શ્રી.એ.બી. બારૈયા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આચાર્ય સંઘના પ્રમુખશ્રી, અગ્રણી સર્વશ્રી મેહુલભાઈ ધોરાજીયા, શ્રી મનિષભાઈ સંઘાણી, શ્રી ભાવનાબેન ગોંડલિયા, શ્રી કાચા તેમજ વિશાળ સંખ્યામાં ખેલાડીઓ અને સ્પર્ધકો, વિદ્યાર્થીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી ખેડુતોને પ્રોત્સાહન પુરુ પાડ્યુ

કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેલ પ્રાકૃતિક કૃષિ ખેત-પેદાશ વેચાણ હાટની મુલાકાત લઈ હાજર પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રીદેવુસિંહ ચૌહાણેજિલ્લા કલેક્ટર કચેરી, નડિયાદ ખાતે આવેલ પ્રાકૃતિક કૃષિ ખેત-પેદાશ વેચાણ હાટની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત વિવિધ ખેતપેદાશો જેમ કે રીંગણ, પાપડીઅને ઘીની ખરીદી કરીખેડુતોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથેજે તેમણે ખેડુતોસાથે પ્રાકૃતિક ખેતી સંબધિતબાબતો પરચર્ચા કરી ખેડુતોને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.

આપ્રસંગે મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણએ જણાવ્યું હતુ કે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતશ્રીએશરૂ કરેલ પ્રાકૃતિક કૃષિ ઝુંબેશઅને રાજ્ય સરકારની ખેડુત કલ્યાણ લક્ષી યોજનાઓને લીધે આજે પાકૃતિક ખેતીના ફાયદાઓથી સામાન્ય લોકો જાગૃત થયા છે. મંત્રીશ્રીએ કહ્યુ હતુકે ખેડા જિલ્લામાંઆજે ૧.૧ પલાખથીવધુ ખેડુતો પ્રાકૃતિક ખેતીકરી રહ્યા છે. ત્યારે જિલ્લામાં શરૂ થયેલ પ્રાકૃતિક કૃષિ ચીજવસ્તુઓના વેચાણ કેન્દ્રોથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો સરળતાથી પોતાની ખેતપેદાશોનુ વેચાણ કરી સારી આવક કમાતા થયા છે. વધુમાં મંત્રીશ્રીએ રાસાયણિક ખેતીના નુકશાન વિશે વાત કરી જિલ્લાનાં નાગરીકોને પ્રાકૃતિક કૃષિ આધારિત ચીજવસ્તુઓના ઉપયોગ માટે અપીલ કરી હતી. આ પ્રસંગે સણાલી ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતશ્રી પરબતસિંહ દલપતસિંહ સોઢાએ જણાવ્યુ હતુ કે પહેલા તેમને યોગ્ય માર્કેટના અભાવે પોતાની ચીજવસ્તુઓનુ વેચાણ કરવામાંતકલીફપડતી હતી. પરંતુ હવે પ્રાકૃતિક કૃષિ હાટની મદદથી તેઓને નિયમિત બજાર અને ગ્રાહકો મળતા તેમની ચીજવસ્તુઓનું વેચાણ અને આવક વધી છે. આ અવસરે જિલ્લા કલેક્ટરશ્રી કે.એલ.બચાણી, જિલ્લા અધિક નિવાસીકલેક્ટરશ્રી ભરત જોષી, નડિયાદપ્રાંત અધિકારીશ્રી, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સહિતના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

હિંમતનગર શહેરમાં સાબરકાંઠા-અરવલ્લી લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ

સાબરકાંઠા લોકસભાના કલસ્ટર બાબુભાઈ જેબલિયા, લોકસભા સીટના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, સંયોજક જે. ડી. પટેલ, જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેના, રાજુભાઈ શુકલ હાજર રહ્યા

કમલમ્‌ન્યુઝ,ઈકબાલમેમણ

હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પાસે સાબરકાંઠા-અરવલ્લી લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું આજરોજ પ્રદેશભાજપ મહામંત્રી અને ઉત્તર ઝોનના પ્રભારી રજનીભાઈ પટેલનાહસ્તેઉદઘાટન કરવામાં આવેલ. આ પ્રસંગે રજનીભાઈપટેલેજણાવેલકે, આજે અહીં જેમ મંચસ્થ આગેવાનો છે તે ટીમવર્ક થી કામ કરશે, કાર્યકર્તાઓને પણ આપણી વિશેષ જવાબદારીરાખી કામકરવુંપડશે, સમસ્યાઓહોય તોયોગ્ય જગ્યાએ વાત મૂકીએ આ મારો સંદેશ છે. ગઈકાલે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈમોદીએ કહ્યું "રામ ઉર્જા છે રામ સમાધાન છે રામ બધાના છે રામ અનંતકાળ છે" આપણી અસ્મિતાને મિટાવવા ઘણા પ્રયત્નો થયા તો તેને પ્રતિષ્ઠા કરીને દેશને રામમય બનાવેલ. દેશ રાષ્ટ્ર પ્રેમી પણ છે. રજનીભાઈ પટેલે વધુમાં જણાવેલ કે આજે દેશ વિશ્વને માર્ગદર્શન કરે તેવી રીતે નરેન્દ્રભાઈના નેતૃત્વમાંસ્થિતિપેદા થઈ છે. તેવા સમયે લોકસભાની ચૂંટણી આવી છે અને દુનિયાને બતાવવાનું છે ત્રીજીવાર રાષ્ટ્રપ્રેમી લોકો નરેન્દ્રભાઈને પ્રધાનમંત્રી તરીકે સ્વીકારી દેશ વિશ્વમાં ભારતને મજબૂત દેશ છે અને સ્વીકારશે. દૈદિત્ય માન ભારત જોવાનો છે તેના માટે આપણે કામ કરીરહ્યા છીએ.રજનીભાઈ પટેલે વધુમાં જણાવેલકે, આપણેપક્ષ માટે પૂરતો સમય આપી કામ કરીએ, વાતાવરણ અને વ્યવસ્થાનો સમન્વય કરીને કામ કરીએ, ચૂંટણી જીતવામાટેવ્યુહાત્મક વ્યવસ્થાઓને મજબૂતકરવાનું કામ કાર્યકર્તાનું છે. મતદાન વધુથાય તેવાપ્રયત્નો કરવા પડશે, નરેન્દ્રભાઈએ વિકાસથી દેશમાં કીર્તિમાન સ્થાપિત કર્યા છે, ગુજરાતમાં આપણા પ્રમુખ સી.આર પાટીલજી એ કહ્યું છે કે રેકોર્ડ સાથે ચૂંટણી જીતવાની છે, કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અને સાબરકાંઠા લોકસભા સીટના કલસ્ટર બાબુભાઈ જેબલિયાએ જણાવેલકે, આજે ગુજરાતમાં ૨૬ સીટના કાર્યાલય એક સાથે ઉદ્‌ઘાટન થવાજઈ રહ્યા છે, ચૂંટણી આપણે જીતવાના તો છીએ જ પરંતુ પાંચ લાખના માર્જિન સાથે જીતવા માટે પાર્ટીના સંચાલનમાં આવતી તમામ યોજનાઓ કામ કરી છે, જેમ કે ભીંત ઉપર સૂત્રો લખવાનું કામ 'ફિર એક બાર મોદી સરકાર' "લાભાર્થીઓનું સંપર્ક" વગેરે કાર્યકર્તાઓના ભરોસે પાટીલ સાહેબે જીતનો પાંચ લાખનો લક્ષ્યાંક આપ્યો છે. યુદ્ધના મેદાનમાં દુશ્મનને નબળો સમજવો નહી, આજે નરેન્દ્રભાઈ અને અમિતભાઈએ સમગ્ર વિશ્વમાં નામ રોશન કર્યું છે આપણા માટે ગૌરવની વાત છે. આપણે વિકાસ અને વિસ્તાર કરવાનો છે. બાબુભાઈ જેબલિયા એ વધુમાં જણાવેલ કે સરદાર સાહેબના આપણા ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી માં કોંગ્રેસીઓ જતા નથી જે વિશ્વમાંગૌરવ છે, તો કોંગ્રેસીઓ અયોધ્યા કેવી રીતે જશે તેમને ઓળખો, એક એક કાર્યકર્તા દરેક ગામમાં ૨૪ કલાક જવાનું છે, પાર્ટી જે કામઆપે તેકાર્યકર્તાએ કરવાનું છે, યુવામતદારો પણ "મારો પહેલો મત નરેન્દ્રભાઈ ને , મારો પહેલો મત ભારત માતાને", યુવા મતદારોનો પણ સંપર્ક અભિયાન કરવાનું છે. લોકસભા સીટના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા અને સંયોજક જે. ડી. પટેલે જણાવેલ કે આપણે આજે પરિચય અને સંકલ્પ સાથે કામ કરી ભવ્ય જીત મેળવવાની છે તેરીતે કાર્ય કરીએ, ધારાસભ્ય રમણલાલ વોરાએ ઈડર તાલુકો સૌથીવધુ લીડસાથે અગ્રેસર રહેશે તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યો સર્વ રમણલાલ વોરા, વી.ડી. ઝાલા, ગજેન્દ્રસિંહ પરમાર, પીસી. બરંડા, ધવલસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ પી.સી. પટેલ, તખતસિંહ હડિયોલ, સહકારીઅગ્રણી મહેશભાઈ પટેલ, શામળભાઈ પટેલ, જેઠાભાઈ પટેલ, બંને જિલ્લાના અગ્રણીઓ વિશાળ સંખ્યામાં કાર્યકરો હાજર રહેલ. કાર્યક્રમનુંસંચાલન જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા કરેલ

કચ્છ જીલ્લા ભાજપ દ્વારા લોકસભા ચૂંટણી કાર્યાલય ખુલ્લું મુકાયું

આચારસંહિતા પૂર્વે જ વિજયસંહિતા ઘડી કાઢવામાં આવી

કમલમ્ ન્યુઝ,

આગામી સમય માં દેશમાં લોકસભા સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે સંગઠનાત્મક રીતે તદન નવતર પ્રયોગના ભાગરૂપે દેશમાં સૌ પ્રથમ વખત જ ઉમેદવારોના નામની જાહેરાત અગાઉ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ચુંટણી મધ્યસ્થ કાર્યાલય આજથી ધમધમતા કરવામાં આવ્યા છે. આજ રોજ સવારે કચ્છ જીલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેતૃત્વ હેઠળ પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, પ્રદેશ ભાજપ મંત્રી નૌકાબેન પ્રજાપતિ, પ્રદેશ ભાજપ સહ પ્રવકતા કિશોરભાઈ મકવાણા, જીલ્લા ભાજપ સંગઠનપ્રભારી કશ્યપભાઈ શુકલા, લોકસભા પ્રભારી કમલેશભાઈ મીરાણી સહિત તમામ ધારાસભ્યો અને વરિષ્ઠ આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં પંડિતદીનદયાલભવન ભુજ ખાતે લોકસભા મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન સહ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આઅવસરે યોજાયેલ કાર્યકર્તા બેઠકને સંબોધતા જીલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતુંકે આજરોજ ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશાધ્યક્ષ સી.આર. પાટીલની વ્યૂહરચનાના ભાગરૂપે ગુજરાતની બધી જ ૨૬ બેઠકોપર મધ્યસ્થકાર્યાલયો પ્રારંભ કરીને વિપક્ષનાચારે ખાનાચિત કરી દીધા છે. પ્રથમ નગારે ઘા મારીને ભાજપે ચુંટણીજંગનો વિધિવત શંખનાદ જ્યારે ફુંક્યો છેત્યારે આ વખતે વિજયપગાથા પણ ભવ્યાતિભવ્ય લખાશે એ નિઃસંદેહ બાબત છે.કચ્છ સહિતરાષ્ટ્રની પ્રજા મોદીજીના ખુલ્લા સમર્થનમાં છે ત્યારે ભાજપની આ પ્રચંડ વિજયયાત્રાની સામે વિપક્ષી પરીબળો પાસે કોઈ વિષયોકે શબ્દો જ નથી. અંતમાં શ્રી વરચંદે ઉપસ્થિત સર્વે કાર્યકરોને કચ્છ લોકસભા બેઠક પણ ૫ લાખથી પણ વધુમતોથી જીતાડવા અનુરોધ કર્યો હતો. પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈપાનસેરીયાએ જણાવ્યું હતુ કે અયોધ્યામાં રામ મંદિરના ૫ સદીઓજુનાસ્વપ્નને શ્રી રામની કૃપાથી મોદીજીએ મૂર્તિમંત કર્યું છે ત્યારે કરોડોદેશવાસીઓની આસ્થા અને શ્રદ્ધા ફળીભૂત થઈ છે. નહી માત્ર અયોધ્યા પણ જમ્મુ અને કાશ્મીરમાં ૩૭૦ની ધારા હોય કે વિશ્વના ફલક પર માં ભારતીને ગૌરવાન્વિત કરવાની વાત હોય પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ હંમેશારાષ્ટ્રનું મસ્તક ઊંચુ રખાવ્યું છે. મંદિરોનું નિર્માણ કર્યું છે તો સિક્કાની બીજી તરફ દેશના ઈતિહાસમાં સૌથી ઝડપી સડકો અને ધોરીમાર્ગોનું પણ નિર્માણ કાર્ય હાથ ધર્યું છે. નરેન્દ્રભાઈએ સંસ્કૃતિની રખેવાળીની વાતજો મુકી છે તોબીજી તરફ વિજ્ઞાનને પ્રાધાન્ય આપીને રાષ્ટ્રને આજે સૂર્ય અને ચંદ્ર સુધી સફળતાપૂર્વક પહોંચાડવામાં પણ અગ્રીમ ભૂમિકા ભજવી છે. અધૂરામાં પૂરું સ્વચ્છતાની જાહેર મંચઉપરથી અપીલ કરવાની હિંમત મોદીજી સિવાય હજી સુધી કોઈ વડાપ્રધાન નથી કરી શક્યા. આવી અનેક સિધ્ધિઓ અને ઉપલબ્ધિઓને લઈને આગામી સમય માં આપણે મતદાતાઓની વચ્ચે જશું ત્યારે ૨૦૨૪નો પ્રચંડ ઐતિહાસિક વિજય ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે એ નિશ્ચિત છે. પ્રદેશ ભાજપ મંત્રી નૌકાબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે ભારતવર્ષનોઅત્યારે કંચનકાળ ચાલી રહ્યો છે કે એક વિરાટ રાજપુરુષનાસ્વરૂપમાં નરેન્દ્રભાઈ મોદી ૧૪૧ કરોડ ભારતીયોની એક પછીએક તમામ આકાંક્ષાઓ ક્રમશઃ પૂર્ણ કરી રહ્યા છે. દેશની આવનારી પેઢીઓ ભારતના વર્તમાન રાષ્ટ્ર હિતકારી શાસનને હંમેશા આદર્શરુપ માનીને ચાલશે ત્યારે આ અદભુત સમયકાળના આપણે સૌ સાક્ષી છીએ આપના સદભાગ્ય છે. સંગઠન પ્રભારી કશ્યપભાઈ શુકલાએજણાવ્યું હતુ કે ભાજપ માટે ચુંટણી એ નહીં માત્ર એક જંગ છે પરંતુ પાછલા પાંચ વર્ષો દરમિયાન કરેલ કામગીરીનું નાગરિકો સમક્ષ સરવૈયું મૂકવાનો એક અનેરો અવસર પણ છે અને એના ભાગરૂપે જ ચુંટણીથી મહિનાઓ અગાઉ જ આજના દિનથી કચ્છ સહિત સમગ્ર રાજ્યનીર૬ બેઠકોપર કાર્યાલયો ધમધમતા કરવામાં આવ્યા છે જે એક વિરાટ વિજયની તવારીખના માધ્યમ બનશે. આ બેઠક દરમિયાન ખાસ ગાંધીનગર બેઠકના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવા આવેલા કેન્દ્રીય ભાજપ અધ્યક્ષજે. પી. નડ્ડાજીના વક્તવ્યનુંસૌએ જીવંતપ્રસારણ પણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્યશ્રીઓ કેશુભાઈ પટેલ, ત્રિકમભાઈછાંગા, અનિરુદ્ધભાઈ દવે, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, પ્રદ્યુમનસિંહ જાડેજા, પ્રદેશ મીડિયાસહ પ્રવક્તા કિશોરભાઈ મકવાણા, વિધાનસભા પૂર્વ અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય, પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, પૂર્વ સાંસદશ્રી પુષ્પદાનભાઈ ગઢવી, પૂર્વ ધારાસભ્યો પંકજભાઈ મહેતા, રમેશભાઈ મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ દિલીપભાઈ શાહ, ધવલભાઈ આચાર્ય સહિત જિલ્લા ભરમાંથી મોટી સંખ્યામાં હોદેદારો અનેકાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હોવાનું જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાંજણાવાયું હતું.

મોરબીના ટંકારા ખાતે પ્રાકૃતિક ખેતી બાબતે સમીક્ષા બેઠક કરતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

તાલુકા મથકોએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉત્પાદિત પાકોનું વેચાણ કરી શકે તે માટે વેચાણ કેન્દ્રો ઉભા કરવા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનો અનુરોધ

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે અને જિલ્લાના વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા જિલ્લા વહિવટી તંત્રને સુચના આપી

કમલમ્ ન્યુઝ,મોરબી

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી મોરબી જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. આ મુલાકાત દરમિયાન ટંકારા ખાતે જિલ્લાના પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓતેમજ આત્માના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર તેમજ પ્રાકૃતિક ખેતીને અપનાવવા પ્રોત્સાહન બાબતે બેઠક યોજી સમીક્ષા કરી હતી. આ બેઠક દરમિયાન રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂત આગેવાનો તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તેમજ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે દિશામાં નક્કર આયોજન ઘડવા જણાવ્યું હતું. જિલ્લામાં હાલ જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે એ ખેડૂતોને તાલીમ આપીઅન્ય ખેડૂતોને તેઓ તૈયાર કરીમાર્ગદર્શન આપીશકે તે માટે યોગ્ય વ્યવસ્થાકરવા જણાવી દર મહિને જિલ્લામાંપ્રાકૃતિક ખેતી બાબતે બેઠક યોજવા માટે પણ જણાવ્યું હતું. ઉપરાંત જિલ્લામાં દરેકતાલુકામથકોએપ્રાકૃતિક ખેતી કરતાખેડૂતો તેમનાદ્વારા ઉત્પાદિત પાકોનું વેચાણ કરી શકે તે માટે અઠવાડિયામાં દિવસો નિયત કરી વેચાણ કેન્દ્રોઉભા કરવાપણ જિલ્લા વહીવટી તંત્રને સુચના આપી હતી. ઉપરાંત રાજ્યપાલશ્રીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦મી જન્મ જયંતિ પ્રસંગે યોજાનાર કાર્યક્રમ સ્થળની મુલાકાતલઈ પૂર્વ તૈયારીની સમીક્ષા કરી હતી અને ટંકારા નજીક ઋષિ સ્મારક નિર્માણાધીન છે એ સ્થળની પણ તેમણે મુલાકાતલીધી હતી. ટંકારા હેલિપેડ ખાતે રાજ્યપાલશ્રીનું આગમન થતાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આર્ય સમાજના અગ્રણીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગતકરવામાં આવ્યું હતું અને વિદાય આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી સાથે ધારાસભ્ય સર્વશ્રી દુર્લભજીભાઈ દેથરિયા, કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યા, જિલ્લા વિકાસઅધિકારીશ્રી ડી ડી. જાડેજા, જિલ્લા પોલીસઅધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, નિવાસીઅધિક કલેકટરશ્રી એસ.જે. ખાચર, મોરબી પ્રાંત અધિકારીશ્રી સુશીલ પરમાર, મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટના પ્રમુખશ્રી ડો. પૂનમ સૂરિજી, વિનય આર્યજી, આચાર્ય રામદેવજી, માવજીભાઈ દલસાણીયા, દેવજીભાઈ પડસુંબીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમીત્તે સાવરકુંડલામાં ત્રિદીવસીય કાર્યક્રમોના ધમધમાટમાં જનતાનો પ્રચંડ પ્રતિસાદ

કમલમ્ ન્યુઝ,

દેશભરમાં અયોધ્યામાં ભગવાન શ્રી રામ ની પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી ભાવભેર થઈ પણ અમરેલી જિલ્લામાં સાવરકુંડલા ખાતે જે ભગવાન રાઘવેન્દ્ર ની પ્રાણ પ્રતિષ્ઠા ઉજવાઈ તે ઉડીને આંખે વળગે તેવું અકલ્પનીય અને અવિશ્વસનીય શણગાર સાથે ન ભૂતો ન ભવિષ્યમાં ક્યારેય કલ્પના કરી હોયતેવુંઅસ્મરણીયમાહોલ ઉભો કરવામાં ધારાસભ્ય મહેશ કસવાળાની ભગવાન રામ પ્રત્યેની ભાવનાઓ અને ધર્મ પ્રત્યેની સંસ્કારીતાનો બેજોડ નમૂનો સાવરકુંડલા ખાતે થયું તે જિલ્લાભરમાં ક્યાંય ના થઈ શક્યું તેવુંઅયોધ્યા મય વાતાવરણ દરેક ગલીઓ,શેરીઓ અને મંદિરો સાથે છેલ્લા ત્રણ દિવસ આખું સાવરકુંડલા રામમય બન્યું હતુ જેમાં સાવરકુંડલા શહેરના મૂખ્ય માર્ગો, દુકાનો, વૃક્ષો પર અદભુત લાઈટ ડેકોરેશન ધારાસભ્ય મહેશ કસવાળાએ કરાવીને શહેરને સુશોભિત કરવામાં અગ્ર ભૂમિકા ભજવી હતી ત્યારે સાવરકુંડલા શહેરને ચોખ્ખું ચણાક રાખવામાં નગરપાલિકાદ્વારા દિવસરાત જોયા વિના બેનમૂન કામગીરી કરવામાં આવી હતીને શહેર ભરના મંદિરો, શેરીઓમાં સફાઈ અભિયાન હાથ ધરીને ભગવાન રામને સત્કારવા પાલિકા દિલથી કામે વળગી હતી ત્યારે શહેર સાથે ગામડું પણ રામમય બને તેવા ધારાસભ્ય મહેશ કસવાળાના કોલને ગામડાઓમાં જીલ્યો હતો ને ગામડું ગોકુળિયું સાથે અયોધ્યાના ગામડા હોય તેવું વાતાવરણ સાવરકુંડલા ના ગામડાઓમાં સર્જાયું હતુ ૧ હજાર ફુટની ધ્વજા સાથેરામલલ્લાની શાહીસવારી શ્રી સ્વમિનારાયણ ગુરુકુળદ્વારા ભવ્ય રામ રથયાત્રા સંતોના સાનિધ્યમાં રાજકીય મહાનુભાવો સંગાથે નિકળી હતી હિંદુ યુવાસંગઠન દ્વારા શ્રીરામને ચિત્ર સ્પર્ધા તથા રઘુવંશી સમાજ દ્વારા જ્ઞાતિ ભોજન અને જલારામ મંદિરે અન્નકૂટ દર્શન યોજાયા હતા જ્યારે હિન્દુ યુવા સંગઠન દ્વારા શ્રી રામ ચિત્ર સ્પર્ધા, વિશ્વહિન્દુ પરિષદ દ્વારા ૨૧૦૦૦ હજાર દિવડા ઓની મહાઆરતી લાયન્સ કલબ દ્વારા ભગવાન શ્રી રામ ઐતિહાસિક ગીત સ્પર્ધા મ્યુઝિક સંગાથેથયેલ હતીતો હિન્દુ યુવાસંગઠન દ્વારા મહાઆરતીઅને ભવ્ય આતિશબાજી માં ૧૦ હજારની જંગીજનમેદની રામમય બનીને ભાવવિભોર થઈ હતી ને ઉપસ્થિત જંગી જનમેદની ને સંબોધતા ધારાસભ્ય મહેશ કસવાળાએ રામ યાત્રાનું મુસ્લિમ સમાજે બંધ પાળીને કોમીએકતાની ભાવના અને ભાઈચારા ની મિસાલ સાવરકુંડલા શહેરે કાયમ કરી હોય ત્યારે સાવરકુંડલા શહેર આજે રામમય બન્યુ હોય તેવો માહોલ ઉભો કરવામાં દરેક સનાતની માટે નવાયુગનો આરંભ ગણાવ્યો હતો જ્યારે કસવાળાએ સાવરકુંડલા વાસીઓ માટે અડધી રાતનો હોંકારો સાબિત થયેલા ભાજપના ધારાસભ્યની કાર્યશૈલીથી શહેરીજનો ગદગદીત થઈ ગયા હતા ને ન ભૂતો ન ભવિષ્યમાંસાવરકુંડલા વાસીઓની રામ પ્રત્યેની લાગણીઓ સ્પષ્ટ જણાઈ હોવાનું ધારાસભ્ય કસવાળાએ જણાવ્યું હતું.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે માલપુર ખાતે શોભાયાત્રા યોજાઈ

કમલમ્‌ન્યુઝ, ધાર્મિક ભટ્ટ

૫૦૦ વર્ષોના લાંબા સંઘર્ષો પછી અયોધ્યા ખાતે પ્રભુ શ્રી રામ જન્મભૂમિ માં ભવ્ય રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે સનાતન પરિવાર માલપુર દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવા માં આવ્યું હતુ..જેમાંસનરાઈઝ સ્કૂલ ના બાળકો દ્વારા પ્રભુ શ્રી રામ, સીતા માતા, માતા શબરી તેમજ વાનર સેના ની ઝાંખી સમગ્ર માલપુર માંઆકર્ષણ નું કેન્દ્ર બની હતી..જય શ્રીરામ... રામ લલ્લા આ ગયે" ના નારા સાથે સંપૂર્ણ માલપુર રામમય બન્યું હતું.. આ શુભ પ્રસંગે બાયડ માલપુર ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા, તાલુકાપંચાયત પ્રમુખ શ્રી ભાગ્યશ્રીબેન પંડ્યાપંચાયત ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈપટેલ, જિલ્લાપંચાયત સદસ્ય રાજનભાઈ પ્રણામી, ભાજપા તાલુકા મહામંત્રી શરદભાઈપટેલ, સનાતન પરિવાર પ્રદેશ અધ્યક્ષ હર્ષુ પંડયા, રમેશભાઈ સોની, તેમજ વિશ્વ હિન્દુ પરિષદ,બજરંગ દળ, હિન્દુ યુવાવાહીની ના કાર્યકરો, માલપુરનગર ના વેપારી મિત્રો, નગરજનો, મહિલાઓ, બાળકો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતાં... સનાતન પરિવાર હર્ષુપંડયા દ્વારા સૌ માલપુર નગરજનો, વેપારીમિત્રો, રામભકતોનો આભાર માની સૌને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની શુભેચ્છાઓ પાઠવા માં આવી હતી.

ભારતીય પ્રજાસત્તાકના ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે ઉપરાષ્ટ્રપતિ આવતીકાલે 'આપણું બંધારણ, આપણું સન્માન' અભિયાનનું ઉદ્‌ઘાટન કરશે

દિશા યોજના ટેલી લો પ્રોગ્રામ હેઠળ, દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થિત ટેલી-લો સિટીઝન્સ મોબાઈલ એપ અને ૨.૫ લાખ કોમન સર્વિસ સેન્ટર્સ (CSCs)ના ઉપયોગ દ્વારા ૬૭ લાખથી વધુ નાગરિકોને પ્રી-લિટીગેશન સલાહ સાથે જોડવામાં આવ્યા છે

આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતના બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પ્રત્યેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરવાનો છે

કમલમ્ ન્યુઝ,

ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર આવતીકાલે, ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે ભારતીય પ્રજાસત્તાકના ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે વર્ષભરના અખિલ ભારતીય અભિયાન 'આપણું બંધારણ, અમારું સન્માન'નુંઉદ્‌ઘાટન કરશે. આ અભિયાનનોઉદ્દેશ્ય ભારતના બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પ્રત્યેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરવાનો અને આપણા દેશને બાંધતા સહિયારા મૂલ્યોની ઉજવણી કરવાનોછે. આ રાષ્ટ્રવ્યાપી પહેલ બંધારણીય વ્યવસ્થામાં સમાવિષ્ટ આદર્શોને જાળવી રાખવા માટે ગૌરવ અને જવાબદારીની ભાવના કેળવવાની કલ્પનાકરે છે.આ પહેલદ્વારા, દરેક નાગરિકને વિવિધ માધ્યમો દ્વારા આ અભિયાનમાં જોડાવાની તક મળશે અને તે તેમને દેશની લોકશાહી યાત્રામાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સશક્ત બનાવશે. ઝુંબેશ દરમિયાન આવરી લેવાના કેટલાક વિષયોનો સમાવેશ થાય છેઃ- સબકો ન્યાય-હર ઘર ન્યાયનો હેતુસામાન્ય સેવા કેન્દ્રોના ગ્રામ્ય સ્તરના ઉદ્યમીઓ દ્વારા ગ્રામજનોને જોડવાનો અને તેમને સબકો ન્યાય સંકલ્પ વાંચવા માટે પ્રેરિત કરવાનો છે; 'ન્યાય સહાયક' દ્વારા, મહત્વાકાંક્ષી બ્લોક્સ અને જિલ્લાઓમાં લોકોને તેમના ઘરઆંગણે વિવિધ નાગરિક-કેન્દ્રિત કાનૂની સેવાઓ વિશે જાગૃત કરવામાં આવશે. રાજ્ય/કેન્દ્રશાસિત સ્તરે, ન્યાય સેવા મેળાનું આયોજન કરવામાં આવશે જે વ્યક્તિઓ માટે વિવિધ કાયદાકીય તેમજ સરકારની અન્ય સેવાઓ અને યોજનાઓ અંગે માર્ગદર્શન, માહિતી અને સમર્થન મેળવવા માટે એક મંચ તરીકે કામ કરશે. નવ ભારત નવ સંકલ્પ નામની બીજી પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય લોકોને પંચપ્રણ પ્રતિજ્ઞાનું પાઠ કરીને પંચ પ્રણ સંકલ્પો અપનાવવા પ્રોત્સાહિત કરવાનોછે. નાગરિકોને પંચ પ્રણ રંગોત્સવ (પોસ્ટર બનાવવાની સ્પર્ધા), પંચ પ્રણ અનુભવ (રીલ/વિડિયો બનાવવાની સ્પર્ધા) માં ભાગ લઈને તેમની પ્રતિભા અને સર્જનાત્મકતા દર્શાવવાની તક મળશે; આમાં નાગરિકોને બંધારણ અંગેના તેમના જ્ઞાનને આકર્ષક રીતેચકાસવાની તક પણ મળશે. આ તમામ પ્રવૃત્તિઓ

કાનૂની માહિતી, કાનૂની સલાહ અને કાનૂની સહાય માટે સંકલિત કાનૂની ઇન્ટરફેસ પ્રદાન કરવા માટે ન્યાય સેતુ શરૂ કરવામાં આવશે

MyGov પ્લેટફોર્મ પર હાથ ધરવામાં આવશે. ત્રીજી પ્રવૃત્તિ વિધી જાગૃતિ અભિયાનનો ઉદ્દેશ્ય પ્રો બોનો ક્લબ યોજના હેઠળ લો કોલેજો દ્વારા દત્તક લીધેલા ગામડાઓમાં પંચ પ્રણનો સંદેશ ફેલાવવામાં વિદ્યાર્થીઓને સામેલ કરવાનો છે. તેનો હેતુ અધિકારો, જવાબદારીઓ અને અધિકારો પરની કાનૂની માહિતીને ખૂબ જ આકર્ષક, મનોરંજક અને યાદગાર રીતે પ્રસારિત કરવાનો છે. તે ગ્રામીણ કાયદાની જાગૃતિ, વંચિત વર્ગ સન્માન અને મહિલા ભાગીદારી પહેલ દ્વારા સમાજના નબળા વર્ગો સુધી પહોંચવાનો પણ હેતુ ધરાવે છે. ઈવેન્ટ દરમિયાન, ન્યાય સેતુ લોન્ચ કરવામાં આવશે જે છેલ્લા માઈલ કાનૂની સેવાઓની પહોંચને વધારવા અને વિસ્તરણ કરવાના હેતુથી એક મહત્વપૂર્ણ અને પરિવર્તનશીલ પહેલ છે. તે કાનૂની માહિતી, કાનૂની સલાહ અને કાનૂની સહાય માટે એક એકીકૃત

કાર્યક્રમ દરમિયાન ન્યાય મેળવવા માટેની યોજના સિદ્ધિ પુસ્તિકા 'દિશા'નું વિમોચન પણ કરવામાં આવશે

કાનૂનીઈન્ટરફેસ પ્રદાન કરશે આમ વધુસમાવિષ્ટ અનેન્યાયી સમાજને સક્ષમ કરશે. આ કાર્યક્રમ દરમિયાન, નવીન ઉકેલો ધરાવતી સ્કીમ અચીવમેન્ટ બુકલેટ ઓન એક્સેસટુ જસ્ટીસ'(દિશા)' પણ બહાર પાડવામાં આવશે. દિશા યોજના ટેલી લો પ્રોગ્રામ હેઠળ, દેશના ૩૬ રાજ્યોઅને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થિતટેલી-લો સિટીઝન્સ મોબાઈલ એપ અને ૨.૫ લાખ કોમન સર્વિસસેન્ટર્સ (CSCs) ના ઉપયોગ દ્વારા ૬૭ લાખથી વધુ નાગરિકોને પ્રી-લિટીગેશન સલાહ સાથે જોડવામાં આવ્યા છે. ન્યાય બંધુ (પ્રો બોનો લીગલ સર્વિસીસ) પ્રોગ્રામનો ઉદ્દેશ્ય પ્રો બોનો લીગલ સર્વિસીસ પ્રોગ્રામ માટે વિકેન્દ્રીકરણ અને ડિલિવરી ફ્રેમવર્ક બનાવવાનો છે. તેણે ૨૪ બાર કાઉન્સિલમાં ૧૦,૦૦૦ પ્રોબોનો એડવોકેટ્સનું નેટવર્ક બનાવ્યું છે, ૨૫ હાઈકોર્ટમાં જસ્ટિસ બંધુપેનલ્સ બનાવીછે અને દેશની ૮૯ લો સ્કૂલોમાં પ્રો બોનો ક્લબની રચના કરી છે. વધુમાં,

ભાષિની અને IGNOU ન્યાય વિભાગ સાથે તેમના સહયોગને ઔપચારિક રૂપ આપશે

દેશભરમાં ૧૪ એજન્સીઓના સહયોગથી અમલમાં મુકાયેલા વેબિનારો અને કાનૂની સાક્ષરતા કાર્યક્રમો દ્વારા ૭ લાખથી વધુ લાભાર્થીઓને તેમના કાનૂની અધિકારો, ફરજો અને હક વિશે જાગૃત કરવામાં આવ્યા છે. આ સાથે, આ કાર્યક્રમ ન્યાય વિભાગ સાથે તેમના સહયોગને ઔપચારિક બનાવવા માટે ભાષિની અને IGNOU પ્રતિનિધિઓને પણ એકસાથે લાવશે. ભાષિની સાથેની ભાગીદારી ન્યાયની પહોંચમાં ભાષાના અવરોધોને દૂર કરશે. ભાષિનીના ઉકેલો પહેલાથી જ ન્યાય સેતુ- કાનૂની સેવાઓની ટેલિ સુવિધામાં સામેલ કરવામાં આવ્યા છે. IGNOU સાથેની ભાગીદારી પેરાલીગલ્સને કાયદાના વિવિધ ક્ષેત્રોમાં પ્રમાણપત્ર મેળવવા, તેમની શૈક્ષણિક તકો વધારવા અને કાનૂની સહાય અને સમર્થનના વિવિધ ક્ષેત્રોમાં તેમની કુશળતા અને રોજગાર ક્ષમતાને વધારવાની તક પૂરી પાડશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી અર્જુનરામ મેઘવાલ, કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને એટર્ની જનરલ, શ્રી આર. વેંકટરામણી અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. આ કાર્યક્રમમાં દેશભરના કોમનસર્વિસ સેન્ટરના ૬૫૦થી વધુ ટેલી-લો ઓફિસર, વિદ્યાર્થીઓ અને પ્રો બોનો લો કોલેજોના ફેકલ્ટી ભાગ લેશે. આ મહત્વપૂર્ણ ઉદ્‌ઘાટન કાર્યક્રમ ઉપરાષ્ટ્રપતિના મુખ્ય વક્તવ્ય સાથે સમાપ્ત થશે. 'આપણું બંધારણ, અમારું સન્માન' અભિયાન કાયદા અને ન્યાય મંત્રાલયના ન્યાય વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહ્યુંછે.

મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની રજૂઆતને ધ્યાને લઈ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રોડ રસ્તા ના વિકાસના કામો ની રૂપિયા ૩૩૧૯.૦૮ લાખની મંજૂરી આપવામાં આવી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના નેતૃત્વમાંઆજે ભારતે સર્વાંગીણ વિકાસ થકી વિશ્વમાં આગવું સ્થાન બનાવ્યું છે ત્યારે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય રથને આગળ ધપાવવના હેતુસર આજરોજ દેશમાંપ્રથમવાર એકસાથે ગુજરાતનીતમામ લોકસભા સીટના મધ્યસ્થકાર્યાલયોનું ઉદ્‌ઘાટનઆજે થયું છે ત્યારે ૨૩- બારડોલી લોકસભા સીટના મધ્યસ્થ કાર્યાલય શુભારંભ પ્રસંગેમાનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિસાહેબ ઉપસ્થિતરહી રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીજે. પી. નડ્ડાસાહેબનું, માનનીય મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલજી અને પ્રદેશ અધ્યક્ષ શ્રીસી. આર. પાટીલજી નું વર્ચ્યુઅલ માધ્યમથીસંબોધન નિહાળી માર્ગદર્શન મેળવ્યું. આ દરમિયાન સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા, પ્રદેશ ઉપપ્રમુખ શ્રીમતી ઉષાબેન પટેલ, બારડોલી લોકસભા પ્રભારી શ્રી મધુભાઈ કથીરિયા, લોકસભા સંયોજક અને ધારાસભ્ય શ્રીજયરામભાઈગામીત, સુરત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રીભરતભાઈ રાઠોડ, તાપી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મયંકભાઈ જોષી, બારડોલીધારાસભ્ય શ્રીઈશ્વરભાઈ પરમાર, મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, હોદેદારશ્રી અને તાપીઅને સુરત જિલ્લામાંથી પધારેલકાર્યકર્તાઓ ઉપસ્થિતરહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિવિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રીપ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે તેમના પ્રભારી જિલ્લા દાહોદ ખાતેજિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનદાહોદ દ્વારાઆયોજિત S.S.C પરીક્ષા પરિણામ અભિવૃદ્ધિ કાર્યક્રમમાંઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપ્યું. બાળકો દેશનું ભવિષ્ય છે ત્યારે S.S.C નું પરિણામ વધું સારું આવે તે અંગે ધોરણ-૧૦ ના ગુજરાતી અને અંગ્રેજી વિષયના શિક્ષકોને જરૂરીસૂચન અને શિક્ષણલક્ષી માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં તમામ શિક્ષકશ્રીઓ દ્વારા તેમનું પુસ્તક આપી સન્માન કર્યું તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. આ કાર્યક્રમ માસાથે ડીપીઈઓ સહીત મોટી સંખ્યામાં શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા

કમલમ્ ન્યુઝ,

અયોધ્યામાં પ્રભુ શ્રી રામજીના ભવ્ય અને દિવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના પવિત્ર ઉત્સવને અનુલક્ષીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ ખાતે ધનુષ્ય રૂપિ "કર્તવ્ય સ્તંભ" નું લોકાર્પણ માન. કેબિનેટ મંત્રી શ્રીબલવંતસિંહ રાજપૂતસાહેબે કર્યુ. માનનીય મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે કર્તવ્ય એટલે એક લક્ષ્ય નક્કી કરી એને પામવા માટે સખત મહેનત કરવી જોઈએ. આ પ્રસંગે ડૉ. રોહિતકુમાર એન. દેસાઈ કા. કુલપતિશ્રી, જિલ્લા ભાજપપ્રમુખ શ્રીદશરથજી ઠાકોર, નિયામક શ્રીચિરાગભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, યુનિવર્સિટીનું સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વડોદરાની ૭૫ ટકા સેરેબ્રલ પાલ્સી જેવા ગંભીર રોગથી પીડિત હેત્વી ખીમસુરીયાને નવી દિલ્હી ખાતે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત

શારીરિક-માનસિક અક્ષમતા હોવા છતાં હેત્વીએ આત્મવિશ્વાસ થકી ફ્રી હેન્ડ પેઈન્ટિંગ અને પઝલ સોલ્વિંગમાં મહારથ મેળવી છે



કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના વરદ્‌હસ્તે વડોદરાની હેત્વી ખીમસુરીયાને નવી દિલ્હી ખાતે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરતા બાળકોની વિશિષ્ટ ઉપલબ્ધિઓને આ પુરસ્કાર થકી બિરદાવવામાં આવે છે. હેતવીએ સેરેબ્રલ પાલ્સી જેવાગંભીર રોગના કારણે શારીરિક-માનસિક અક્ષમતા હોવા છતાં આત્મવિશ્વાસ થકી ફ્રી હેન્ડ પેઈન્ટિંગ અને પઝલ સોલ્વિંગમાંમહારથ મેળવીછે. આ ઉપરાંત, પોતાને મળતા માસિક વિકલાંગતા પેન્શનનું મનોદિવ્યાંગ બાળકો માટે દાન કરે છે તેમજ 'સ્પેશિયલ ચાઈલ્ડ એજ્યુકેશન એક્ટિવિટી હેતવી ખીમસૂરીયા' નામની યુટ્યુબચેનલ પણ ચલાવે છે. અક્ષમતાને સક્ષમતા બનાવી રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરનાર આ દીકરી પર વડોદરા સહિત ગુજરાતને ગર્વ છે. વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા ધો. ૮માં અભ્યાસ કરતી ૧૨ વર્ષની હેત્વી કાન્તીભાઈ ખીમસુરિયાજે અસંખ્ય કષ્ટો વેઠીને પોતાની કળા થકીગુજરાતનું ગૌરવ બની છે. ૭૫ટકા સેરેબ્રલ પાલ્સી જેવા ગંભીર રોગથી પીડિત હેત્વી બોલવાઅને ચાલવામાઅસમર્થછે. આ અગાઉ આ દીકરીએ ગુજરાત બુક ઓફ રેકોર્ડ ૨૦૨૩માં ફ્રી હેન્ડ પેઈન્ટિંગ, ક્રાફટ અનેપઝલ ઉકેલીને ગુજરાતની પ્રથમ દિવ્યાંગ દીકરી તરીકે નામઅંકીત કર્યુહતું. ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ૨૦૨૩માં કલાના ક્ષેત્રમાં મહતમપ્રમાણપત્રો મેળવ્યા બાદબ્રેવોઈન્ટરનેશનલ વર્લ્ડ રેકોર્ડ ૨૦૨૩માં "વિશ્વની પ્રથમ અસાધારણ કૌશલ્યોધરાવનાર સી. પી ગર્લ"(ફ્રી હેન્ડ પેઈન્ટિંગ, ક્રાફટ અને પઝલ સામન્ય જ્ઞાન જાણકાર) તરીકે નામઅંકિત કર્યુહતું. લંડન બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ ૨૦૨૩ માં ૧૦૦ શૈક્ષિણક પઝલ ઉકેલનાર વિશ્વની પ્રથમ સી. પી ગર્લ તરીકે, વડોદરા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ દિવ્યાંગદીકરી તરીકે "પ્રશસ્તિ પત્ર" મેળનાર પ્રથમ મનોદિવ્યાંગે ગુજરાતનાં આરોગ્યમંત્રીનાં હસ્તે સન્માન મેળવ્યું હતું.

૭૫ ટકા દિવ્યાંગતા હોવા છતાં ૧૧૦ જેટલાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રોપ્રાપ્ત કર્યા છે. વધુમાં પોતાની કળા થકી માત્ર ૧૨ વર્ષની ઉંમરમાં ગુજરાતના રાજ્ય પાલશ્રી, મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી, રમતગમત તેમજ ગૃહમંત્રીશ્રીના હસ્તે સન્માન પ્રાપ્ત કર્યુ છે. હેત્વી પોતાની એક યુ-ટ્યુબ ચેનલની મલિકીધરાવે છે:-"Special Child Education Activity H^a vi Khimsuriya" નામની ચેનલમાં કલાના વીડિયો અપલોડ કરીને ગુજરાતની ૩૦ જેટલી શાળાઓમાં તેનાં વીડિયો બતાવીને બાળકોને કલા તરફ વળ્યા છે. ભારતની ૫૦ જેટલી આર્ટ ગેલેરીમાં તેનાંચિત્ર, ક્રાફટ પ્રદર્શન કરીચૂકીછે. માતા-પિતાનુંએક માત્ર દિવ્યાંગ સંતાન છે. તેના પિતા કાંતિભાઈ વડોદરાના દિવ્યાંગ બાળકોતેમજ અનાથબાળકો માટે વિશેષ કાર્ય કરી રહ્યાં છે. માતાએ પણ પોતાની દિવ્યાંગ દીકરી માટે પોતાની સરકારી નોકરી છોડી દીધી. કારણ કે હેત્વી ૫વર્ષે બેસતાં ૬ વર્ષે વસ્તુ પકડતાં શીખી હતી. હેત્વી ભારત સહિત વિશ્વનાં મનોદિવ્યાંગ બાળકો, દિવ્યાંગ બાળકો અને સામાન્ય બાળકોની પ્રેરણા સ્ત્રોત બની રહી છે. સો સો સલામ હેત્વીને...

ગાંધીનગર ખાતે ઓનલાઈન ડ્રો યોજાયો

ખેડૂતોને ખેત તલાવડીમાં પ્લાસ્ટીક લેયર ફીટ કરી આપવાની યોજના અન્વયે ૪૦ તાલુકાઓની ૨,૬૩૬ અરજીઓનો જળ સંપતિ મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાના હસ્તે ગાંધીનગર ખાતે ઓનલાઈન ડ્રો યોજાયો

કમલમ્ ન્યુઝ,

પાણીની અછત ધરાવતા ૧૦જિલ્લાના ૮૬ તાલુકાઓમાં આશરે રૂ.૩૮ કરોડનાં ખર્ચે ખેત તલાવડીમાં ૨૭.૩૦ લાખ ચો.મી.જથ્થામાં જીઓમેમ્બ્રેન-૫૦૦ માઈક્રોનના પ્લાસ્ટીક લેયર ફીટ કરી આપવાની યોજનાઅન્વયે ખેડૂતખાતેદારો દ્વારા ઓનલાઈનઅરજી કરવામાં આવી હતી. આઅરજીઓના અનુસંધાનેઆજે તા.૨૩જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મળેલી અરજીઓ પૈકી ૪૦ તાલુકાઓમાં ૨,૬૩૬ અરજીઓનો જળ સંપત્તિમંત્રી શ્રીકુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ઓનલાઈન ડ્રો યોજવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર યોજનાથીઅંદાજે આશરે ૧૦૦ લાખઘન મીટર વરસાદી પાણીનો સંગ્રહ થશેજેના થકી ૨૪૦૦ હેકટર વિસ્તારને સપાટી જળથી સિંચાઈનો લાભ થશે અને ભૂગર્ભ જળનું ખેંચાણ ઘટતા આ વિસ્તારોમાં ભૂગર્ભ જળની સ્થિતિમાંસુધારો થશે. આ ઓનલાઈન ડ્રો કરાયો જેના પરિણામો પણ વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ સિવાયના બાકી રહેતા તાલુકાઓમાં મળેલી અરજીઓ પૈકી પ્રાથમિક ચકાસણી બાદ પાત્રતા ધરાવતા તમામ અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવનાર છે. આપ્રસંગે ડીસાના ધારાસભ્ય શ્રીઅને વિભાગનાઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં રહ્યા હતા.

પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ વહીવટીતંત્ર સાથે સંકલન બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરી

વિવિધ વિભાગની કામગીરી, પ્રગતિ હેઠળના તથા સૂચિત વિકાસ કામોની સમીક્ષા સાથે ધારાસભ્યોના પ્રશ્નો સાંભળી તેના ત્વરીત ઉકેલ માટે આપી સૂચના

પીવાના પાણીની ચોરી અટકાવવા, સ્વચ્છતા જાળવણી, દબાણ વગેરે પ્રશ્નો ઉપર વહીવટીતંત્રને કાર્યવાહી કરવા પ્રભારીમંત્રીશ્રીની તાકીદ

કમલમ્ ન્યુઝ,ભુજ,

સંસદીયબાબતો, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ રાજ્યકક્ષાના મંત્રીશ્રી તથા પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ આજરોજ ભુજ કલેકટર કચેરી ખાતે વહીવટીતંત્ર સાથે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં ધારાસભ્યોના પ્રશ્નો સાંભળવા સાથે વિવિધ વિભાગની કામગીરી, પ્રગતિ હેઠળના કામ, સૂચિત કામ સહિતની કામગીરીની સમીક્ષા કરી હતી. બેઠકમાં પ્રભારીમંત્રીશ્રીએ અધિકારીશ્રીઓને કચ્છના વિકાસમાં સહભાગી થવા તેમજ પીવાના પાણીનીચોરી અટકાવવા, દબાણ, સ્વચ્છતા સહિતના પ્રશ્નો પર કડક વલણ અપનાવીને કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. સમીક્ષા બેઠકમાંપ્રભારી મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીએ નવી લોન્ચ કરેલી પ્રધાનમંત્રી સૂર્યોદય યોજનાનો કચ્છ મહત્તમ લાભ લે તેવી અપીલ કરતા કચ્છમાંરાષ્ટ્રીય ટ્યુબરક્યુલોસીસ નિમૂર્લન કાર્યક્રમ તથા કૂપોષણ નિમૂર્લન કાર્યક્રમને પરીણામલક્ષી બનાવવા સામાજિક સંસ્થાઓના સહયોગથી જાગૃતિ લાવવા તથા યોજનાઓને પ્રભાવી રીતે અમલી કરવા સૂચના આપી હતી. ઉપરાંત દરેક શહેરી વિસ્તારમાં કાયમી ગંદકીથી ખરડાયેલારહેતા ઓપન ડમ્પીંગ પોઈન્ટ આઈડેન્ટીફાઈ કરીને તેને વારાફરતી સાફ કરવા અને ત્યાંઆર.સી.સીકે પેવર બ્લોક પાથરવા સહિતની કામગીરી કરવા જણાવ્યું હતું. આજની બેઠકમાં અબડાસા ધારાસભ્યશ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજાએ મતવિસ્તારના રેલવે, પીવાના પાણી, અટલ ભૂજલયોજના, વોટર શેડના કામ, આરોગ્ય, પશુ આરોગ્ય, ખનીજચોરી, એસ.ટી, લો-વોલ્ટેજ,વાસ્મો અંતર્ગતના કામોના સંદર્ભના પ્રશ્નો રજૂ કર્યા હતા. જ્યારે ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીએ ઓવરબ્રિજની કામગીરી, આયોજન મંડળ સંદર્ભના પ્રશ્નો, અંજાર ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાએદૂધઈ બ્રાન્ચકેનાલ, અંજાર બાયપાસ, રાપર વિસ્તારના ધારાસભ્યશ્રીવિરેન્દ્રસિંહ જાડેજાએ ચિત્રોડ તથા આધોઇ ગામના ભૂકંપગ્રસ્તોના મકાનમાલિકીના હક્કનો પ્રશ્ન, આધોઇ બસ સ્ટેશન ફરતે દબાણ, પીવાના પાણીની ચોરી સહિતનાપ્રશ્નો રજૂ કર્યાહતા. જયારે ભુજ ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે ભુજમાં લારી-ગલ્લાના દબાણ, ટ્રાફીક, ભૂકંપઅસરગ્રસ્ત દુકાનદારોનાપ્રશ્ન અંગેતથા માંડવી ધારાસભ્યશ્રીઅનિરુધ્ધભાઈ દવેએ ગઢશીશા રોડ, બિપરજોયમાં ચુકવણાથી બાકી રહી ગયેલા અસરગ્રસ્ત ખેડૂતોનો પ્રશ્ન તથા દબાણ દૂર કરવા રજૂઆતકરીહતી. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજાએખેડૂતોને નવા કનેકશન, ટેસ્ટ રિપોર્ટને આનુષંગિક સમસ્યા, એસ.ટી સહિતના પ્રશ્નો મુક્યાહતા. બેઠકમાંજિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની કચ્છ સંદર્ભની રૂપરેખા પ્રેઝન્ટેશન મારફતે રજૂ કરી હતી. આ સાથે કચ્છ સિંચાઈ વર્તુળ ભુજ કચ્છની સિંચાઈ યોજનાઓ, પ્રગતિ હેઠળના કામો, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ હેઠળના કચ્છ શાખા નહેર સાંકળના કામો તેમજ કચ્છમાં નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગન હેઠળના ચાલતા નોર્ધન અને સર્ધન લિંક તથા સારણ લિંકન કામોની વિગતો સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ દ્વારાપ્રસ્તુત કરાઈ હતી. ગુજરાત પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કચ્છમાં પીવાના પાણીની જરૂરીયાત અને સરેરાશ ઉપલબ્ધિતેમજ આરોગ્ય વિભાગે કચ્છમાં આરોગ્યનું ઈન્ફ્રાસ્ટ્રકચર, હ્યુમન રિસોર્સ તથા વિવિધ યોજનાના અમલીકરણ અંગેને માહિતીથી પ્રભારીશ્રીને અવગત કર્યાહતા. શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલ ઓફ એક્સલેશન, ગુણોત્સવ, જ્ઞાનકુંજ, ઓપન સ્કૂલ સહિતની કામગીરી સાથે શિક્ષણ વિભાગની સિદ્ધીઓ પ્રેઝન્ટેશન મારફતે જણાવી હતી. બેઠકમાં કલેકટરશ્રી અમિતઅરોરાએ રજૂ કરાયેલા પ્રશ્નો મુદે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને કામગીરી કરવાસાથે જે તે વિભાગ દ્વારા કામગીરીઅંગે રજૂ કરાયેલા પ્રેઝન્ટેશન અંગેની આનુસંગિક વિગતો તથા કચ્છના વિકાસકામો, યોજનાઓની ફળશ્રુતિ સહિતની માહિતીથી પ્રભારીમંત્રીશ્રીને અવગત કર્યાહતા. બેઠકમાં પશ્ચિમ કચ્છ એસ.પી.શ્રી મહેન્દ્ર બગડીયા, પૂર્વ કચ્છ એસ.પી.શ્રી સાગર બાગમાર, નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશપંડ્યા,સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ અને જિલ્લા વહીવટીતંત્રના તમામ શીર્ષ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં શક્તિપીઠ અંબાજી ખાતે વનસેતુ ચેતના યાત્રાનો ભવ્ય સમાપન સમારોહ યોજાયો

અંબાજી રામમય બન્યું: અયોધ્યા ખાતે યોજાયેલ પ્રભુ શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું હજારો ભાવિક ભક્તોએ જીવંત પ્રસારણ નિહાળ્યું

આજના દિવસથી દેશમાં રામ રાજ્યના નવા યુગની શરૂઆત થઈ રહી છે: મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

આ યાત્રાને અદભુત આવકાર મળ્યો છે: સાંસદશ્રી પરબતભાઇ પટેલ

કમલમ્ ન્યુઝ,

રાજ્યના વનઅને પર્યાવરણ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં આજરોજ શક્તિપીઠઅંબાજીખાતે વનસેતુ ચેતના યાત્રાનો ભવ્ય સમાપન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. વન વિભાગગુજરાત રાજ્ય દ્વારા આયોજિત ઉમરગામ થી અંબાજી સુધીની વનસેતુ ચેતના યાત્રા આજે શક્તિપીઠ અંબાજી ખાતે પહોંચતાં હડાદ ખાતે યાત્રાનું સ્થાનિક તંત્ર અને ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાંઆવ્યું હતું. ત્યારબાદ જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે વનસેતુ ચેતના યાત્રાનો સ્વાગત સમાપનસમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાહસ્તે અયોધ્યા ખાતે થઈ રહેલ પ્રભુ શ્રી રામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંતપ્રસારણ નિહાળવામાં આવ્યુ હતું. આપ્રસંગે કાર્યક્રમસ્થળે જય શ્રી રામના નારા ગુંજી ઉઠ્યા હતા અને સમગ્ર અંબાજીરામમય બની જવા પામ્યું હતું. આજથી દેશમાં રામ રાજ્યનો નવો યુગ શરૂ થઈ રહ્યોછે એમજણાવતા રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલેઉપસ્થિતજનમેદનીને શ્રીરામમંદિરપ્રાણપ્રતિષ્ઠામહોત્સવની શુભકામનાઓઅને અભિનંદન પાઠવ્યાહતા. તેમણે વનસેતુચેતના યાત્રા અંતર્ગત અનેક લાભાર્થીઓ સરકારની વિવિધયોજનાનો લાભ લેવા માટે જાગૃત બન્યા હોવાનું જણાવી ઉંમર ગામથી અંબાજી સુધીની યાત્રાની ફલશ્રુતિ જણાવી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વનવાસીઓની વેદના અનુભવીછે. ગરીબોના કલ્યાણ માટેસતત ચિંતન કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી વનબંધુઓના વિકાસ માટે વનબધું વિકાસ યાત્રાનો અંબાજીથી ઉમરગામ પ્રારંભ કરાવ્યો હતો. તો વનસેતુ ચેતના યાત્રાનો ઉંમર ગામ થી અંબાજી સુધીપ્રારંભકરાવીસમગ્ર આદિવાસી વિસ્તારમાં સરકારી યોજનાના લાભ મળે એવુકામ કર્યુ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, આયુષ્યમાન ભારત કાર્ડ જેવી અનેકયોજનાઓથીઆદિવાસીઓના જીવનમાં નવી શરૂઆત થઈ છે. તેમણે જણાવ્યું કે, આદિજાતિના કલ્યાણ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએબજેટમાં ૨૪ હજાર કરોડની ફાળવણી કરી વનબંધુઓના વિકાસ માટે જનકલ્યાણની અનેક યોજનાઓ શરૂ કરાવી છે. જેનો લાભ દેશભરના આદિવાસી વનબંધુઓ મળ્યો છે. વનસેતુચેતના યાત્રા એ એકમનમેળમાટે, એકનવી ચેતના માટે શરૂકરવામાં આવીહતી એમ જણાવી યાત્રાનું સમાપન આજે શક્તિપીઠ અંબાજી ખાતે થાય છે એની ખુશી વ્યકત કરી હતી. આ પ્રસંગે બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, આજનો દિવસ સમગ્ર દેશ માટે ગૌરવનો દિવસ છે. અયોધ્યા ખાતે પ્રભુ શ્રી રામના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યોજાઈ રહ્યો છે ત્યારે આખો દેશ રામમય બન્યો છે. અયોધ્યામાંરામમંદિરનું કરોડો દેશવાસીઓનું સ્વપ્ન પૂર્ણ કરવાનું કામ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈમોદીએ કર્યુંછે. વનસેતુ ચેતના યાત્રા ૧૪ જિલ્લામાં ફરી આજે માં અંબાના ધામ અંબાજી ખાતે પહોંચી છે. સમગ્ર યાત્રા દરમિયાન ઠેર ઠેર આ યાત્રાને અદભુત આવકાર મળ્યો છે. આ યાત્રાથી વનબંધુઓ અને સરકાર વચ્ચે એક નવી ચેતનાનો સેતુ બંધાયો છે એમ જણાવી સૌને ભગવાન શ્રી રામ ના નવનિર્મિત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની શુભેચ્છાઓ આપી હતી. કાર્યક્રમ અંતર્ગત આદિવાસી વનબધુંઓના સામાજિક શૈક્ષણિક વિકાસ માટે નોંધપાત્ર કામગીરી કરનાર સમાજસેવકો તેમજ કારસેવકોનું મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિ પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વૃક્ષ ખેતી યોજનાના લાભાર્થીઓ, સમૂહ લગ્નમાં નોંધપાત્રકામગીરી કરનાર સંસ્થાઓ, અન્ય વિકાસલક્ષી યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણના ચેક આપવામાં આવ્યા હતા. જ્યારે મકાન સહાય, મંડપ ડેકોરેશન સહિતની યોજનાના લાભાર્થીઓને મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાંસદશ્રી દીપસિંહ રાઠોડ, સુશ્રી રમીલાબેન બારા, અગ્રમુખ્ય વન સંરક્ષકશ્રી યુ.ડી.સિંઘ, અગ્ર સચિવશ્રી સંજીવ કુમાર, જિલ્લા કલેકટરશ્રીવરુણકુમાર બરનવાલ, જિલ્લા વિકાસઅધિકારીશ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, નાયબ વન સંરક્ષકશ્રી અભયકુમાર સિંઘ, નાયબ વન સંરક્ષકશ્રી પરેશભાઈ ચૌધરી, સંગઠન મહામંત્રીશ્રી કનુભાઈ વ્યાસ, અગ્રણીઓ સર્વશ્રી શ્રેયાંશ ભાઈ પ્રજાપતિ, લાધુભાઈ પારગી સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં આદિવાસી વનબંધુઓ અને ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028